દી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## ઈસ્લામી માર્ગદર્શન

### * આત્મહત્યા

આત્મહત્યાનાં અનેક કારણો પૈકી સૌથી મોટું કારણ આર્થિક તંગી છે. પરંતુ ખરું કારણ એ છે કે આપણે અલ્લાહના માર્ગદર્શનને બદલે અલ્લાહના ચમત્કારોની આશા રાખીએ છીએ. મનુષ્યના સર્જનનો હેતુ તેની પરિક્ષા કરવાનો છે. કુર્આનમાં અલ્લાહ કહે છે કે, અને અમે અવશ્ય તેમને ભય અને ડર, ભૂખ, પ્રાણ અને માલના નુકશાનો અને આવકની ખોટમાં નાંખીને તમારી પરીક્ષા કરીશું. આ સંજોગોમાં જે લોકો ધીરજ રાખે અને જયારે કોઈ મુસીબત આવી પડે, તો કહે કે અમે અલ્લાહના જ છીએ અને અલ્લાહના જ તરફ અમારે પાછા ફરવાનું છે. તેમને ખુશખબર આપી દો. તેમના ઉપર તેમના રબ તરફથી મોટી કૃપાઓ થશે, તેની દયા તેમના ઉપર છાંયડો કરશે અને આવા જ લોકો સીધા માર્ગે ચાલનાર છે.(કુર્આન ૨: ૧૫૫ થી ૧૫૭) આપણો સર્જનહાર આપણી પરિક્ષા તો કરે જ છે પણ સાથે તે સધિયારો પણ આપે છે તે કહે છે,અમે કોઈ વ્યકિતને તેની શકિતથી વધુ કષ્ટ આપતા નથી.(કુર્આન ૨૩:૬૨)

### * જાતિવાદ અને ઉંચ નીચ

આજના આધુનિક યુગમાં પણ જાતિવાદ, વંશવાદ અને રંગભેદ જેવા માનવમૂલ્યોને હાનિ કરનાર દૂષણ જોવા મળે છે. અલ્લાહે સૌ મનુષ્યોને એક જ મૂળ(યુગલ)થી પેદા કર્યા છે. જેના લીધે કુર્આનમાં અલ્લાહે સ્પષ્ટ આદેશ આપ્યો છે, લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીમાંથી પેદા કર્યા અને પછી તમારી જાતિઓ અને કબીલા બનાવી દીધા જેથી તમે એકબીજાને ઓળખો, હકિકતમાં અલ્લાહના નજીક તમારામાંથી સૌથી વધુ પ્રતિષ્ઠિત તે છે જે તમારામાં સૌથી વધુ પરહેઝગાર (અલ્લાહથી ડરનાર, સંયમી) છે. નિશ્ચિતપણે અલ્લાહ સર્વજ્ઞ અને સુમાહિતગાર છે.(કુર્આન - ૧૩)

અલ્લાહના અંતિમ ઈશદૂત મુહમ્મદ પયગમ્બર નબી સાહેબ (સ.અ.વ.)નું કથન છે કે, સૌ મનુષ્યો આદમ અને હવ્વા (અલ.) ના સંતાનો છે. કોઈ અરબ શ્રેષ્ઠ નથી કોઈ બિન અરબથી, ન કોઈ બિન અરબ શ્રેષ્ઠ છે કોઈ અરબથી, એજ પ્રકારે કોઈ ગોરો કોઈ કાળાથી શ્રેષ્ઠ નથી, અને ન કોઈ કાળો શ્રેષ્ઠ છે કોઈ ગોરાથી સિવાય તેના તકવા (અલ્લાહનો ડર) અને સદકાર્યથી.(હદીસ-મુઅત્તા)

માહે રબિઉલ અવ્વલ ૧૪૪૨ ઓકટોબર - ૨૦૨૦ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasociety@yahoo.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

## ઇન્તેકાલે પુરમલાલ

### અલ્લાહતઆલા ગરીકે રહેમત કરે

### જ. હાજી મોહંમદ ઇસ્માઇલ કારા સા. અલ્લાહની રહેમતમાં



આપણી સોસાયટીના મધ્યવિભાગના ઉપ પ્રમુખ **જ. હાજી મોહંમદ ઇસ્માઇલ કારા સા.** નો **તા. ૨૯-૮-૨૦૨૦** ના શનિવારના રોજ ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

મર્હુમ મોહંમદભાઇ સોસાયટીમાં ૧૯૯૮ થી વિવિધ હોદ્દાઓ ઉપર કાર્યરત રહી ખિદમત આપતા હતા.

મર્હુમ મોહંમદભાઇ વહોરા સોસાયટી સહીત ખોલવડની એમ.એ.આઇ.ટ્રસ્ટ, ખોલવડ વોટર વર્કસ,ઇસ્લામીક મકાતીબ ટ્રસ્ટમાં પણ પ્રમુખ સહીત વિવિધ હોદ્દાઓ પર રહી જીવનપર્યન્ત સમાજની સેવામાં કાર્યરત હતા તથા મર્હુમ એક કાબેલ વહીવટકર્તા, સ્પષ્ટ વકતા ,નીડર અને અનુશાસનના આગ્રહી હતા. તથા સંસ્થા પ્રત્યે એમને ઉડીં લાગણી હતી.

મર્હુમ મોહંમદભાઇના ઇન્તેકાલથી આપણી વહોરા સોસાયટી સહીત સમાજની તથા ખોલવડની શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓને ન પુરાય એવી ખોટ ગઇ છે.

**અલ્લાહપાક એમણે કરેલી સેવાઓને કબુલ કરી એનો બહેતરીન બદલો આપી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

**સોસાયટીના તમામ કાર્યકરો એમના દુ:ખમાં સહભાગી છે.**

## સમાજની નાનકડી છોકરીની વિશિષ્ટ સિધ્ધિ



નામ : હમીમા યુસુફ સીદાત, સીદાતવાડી, થાલા, તા.ચીખલી

કેટલાક વર્ષો પહેલાં ડો.મોતાલા સાહેબ સાથે મળી કૌમમાં શૈક્ષણિક જાગૃતિ આવે તે માટે દક્ષિણ વિભાગના આ ગામે એક સેમિનાર યોજેલો.

આ ગામની એક ૧૨ વર્ષની છોકરી ધોરણ ૭માં અભ્યાસ કરતી નાનકડી છોકરીએ મારા મતે ઈતિહાસ રચ્યો છે.




**કોરોના વોરીયર્સ** હેડિંગનું ચિત્ર દોરવાનું ગુજરાત સરકારે એક હરિફાઈનું એપ્રિલ ૨૦૨૦માં આયોજન કરેલું. તેમાં ભાગ લેનારાઓની સંખ્યા હતી એક લાખ અને વીસ હજાર. આટલા બધા હરીફોની વચ્ચે આ છોકરીએ પ્રથમ નંબર મેળવ્યો. ગુજરાત સરકાર ધ્વારા ૨૫,૦૦૦રૂા.નું ઈનામ અને પ્રમાણપત્ર મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીની હાજરીમાં આપવામાં આવ્યું. એ અતિરેક આનંદનો અવસર હતો.

સમાજ આવી શકિતઓથી ભરેલો છે. એમને માત્ર માર્ગદર્શકની જરૂર છે.

આ છોકરીને વહોરા સમાચાર તરફથી હાર્દિક અભિનંદન અને આવી સિધ્ધિ પ્રાપ્ત કરતી રહે તેવી અલ્લાહથી દુઆ કરીએ.

## વહોરા સમાચાર

▪ **હદીસ શરીફ**

• અનાજ વહેંચીને ખાઓ, ભેગા મળીને ખાઓ અને સંતોષ અનુભવો.

• જે લોકો બીજાઓ સાથે ખરાબ વર્તન કરે છે, તેઓ અલ્લાહની મહેરબાનીથી વંચિત રહે છે.

▪ **ચિંતન**

• દુનિયા મૂર્ખ કહે તો એની પરવા ન કરશો, પણ દુર્જન ન કહી જાય તેની તકેદારી રાખજો.

• ખુશી એક એવું અત્તર છે જેના થોડા ટીપાં તમારી જાત પર છાંટયા વિના બીજાઓ પર છાંટી નહી શકો.


અંક : ૧૦

માસઃ - ઓકટોબર ૨૦૨૦

માહેઃ રબિઉલ અવ્વલ ૧૪૪૨

તંત્રી : મસ્ત મંગેરા


### ■ એક શે'ર

દઈ દીધું એણે મને તે પણ મુકદ્દર થી વધુ;
મસ્ત મારે તો દુઆ પણ માંગવી ઓછી પડી!

▪ મસ્ત મંગેરા

### ■ ◦તઝમીન◦

કોઈની પાસે કશું લેવા જવું ચે ના પડયું
જયારે મારા દિલને ઈચ્છા થઈ મને મળતું રહયું,
એની અનહદ મહેરબાનીનું જ આ તો ફળ હતુ,

દઈ દીધું એણે મને તે પણ મુકદ્દર થી વધુ;
મસ્ત મારે તો દુઆ પણ માંગવી ઓછી પડી!

▪ સૈયદ રાઝ નવસારવી

## ■ તંત્રી સ્થાનેથી...!

હાલના સંજોગોમાં વહોરા સમાચારની દેશ-વિદેશ હાર્ડ કોપી વાચકોને મળતી હશે કે કેમ એ પ્રશ્ન છે.

આમ તો વહોરા સમાચાર ૭૦ વર્ષ પૂરા કરવાની તૈયારીમાં છે. આટલો લાંબો ગાળો આપણા પેપરને પ્રગટ કરવાનો મળ્યો એ અલ્લાહ રબ્બુલ ઈઝઝતની જ રહેમ અને મહેરબાનીનું પરિણામ છે.

આપણા સમાજને આગળ લઈ જવામાં આ પત્રનો ઘણો મોટો ફાળો છે.

હવે નવા યુગમાં આપણા બાળકો શિક્ષણમાં ઉચ્ચત્તમ સિધ્ધિ મેળવે અને સમાજને ગૌરવ અપાવે એવા દિવસોનું નિર્માણ કરવાની તાતી જરૂરિયાત છે.

દેશથી વિદેશમાં જવા ઉતાવળા થયેલા યુવાનોની મોટી સંખ્યા છે. પરંતુ દેશમાં રહી ઘણી સારી ડિગ્રીઓ મેળવી સરકારી નોકરીઓમાં જોડાય એ મહત્વનું છે.

ફકત ગ્રેજયુએટ થઈને બેસી રહેવાથી કંઈ વળવાનું નથી. આજે ઘણાં યુવાનો અભ્યાસ કરી નવી તકો શોધતા નથી.

આપણા સમાજના લોકો આઈ.એ.એસ., આઈ.પી.એસ., વગેરે નોકરીઓમાં જોડાય તે માટે સઘન પ્રયત્નો કરે એવી મારી લાગણી છે. હવે આર્થિક પરિસ્થિતિ નડી શકે તેમ નથી. લોકો મોટા પ્રમાણમાં મદદ આપવા હંમેશા તત્પર રહે છે.

હવે બસ મંડી પડો..આગળ વધો..એવી જ મારી દુઆ.

લિ.

▪ મસ્ત મંગેરા(કાંગવઈ)


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાનઃ- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## આપણી વહોરા સોસાયટી દ્વારા
## જ. અહમદભાઇ બોબાત સા. તથા
## જ. મોહંમદભાઇ કારા સા. ને ખિરાજે અકીદત

આપણી વહોરા સોસાયટીની મેનેજીંગ કમિટીની મિટીંગ તા.૮-૯-૨૦૨૦ ના મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ કોસંબા મુકામે મળી હતી.

આ મિટીંગમાં આપણી સોસાયટીના પ્રમુખ જનાબ અહમદભાઇ બોબાત સા. તથા મધ્ય વિભાગના ઉપ પ્રમુખ જનાબ મહમદભાઇ કારા સા. ના દુ:ખદ ઇન્તેકાલની નોંધ લઇ મર્હુમો માટે જનાબ મુફ્તી અલ્તાફ સા. ડુંગરીવાલા એ મગફીરતની દુઆ કરાવી હતી.

ત્યારબાદ સોસાયટીના મેનેજીંગ કમિટીના ચેરમેન જનાબ સલીમભાઇ પટેલ સા. એ કહયું કે અહમદભાઇ વિશે જેટલુ કહીએ એટલું ઓછુ છે. જનાબ બોબાત સા. ૧૯૭૮ માં મેનેજીંગ કમિટીના સભ્ય બન્યા. અને ૧૯૮૧ માં બારડોલી મુકામે મળેલ અધિવેશનમાં પ્રમુખ બન્યા ત્યારથી લઇ આજ સુધી એમણે સોસાયટીના વિવિધ હોદ્દાઓ પર રહી ખુબ ખિદમત કરી હતી. એઓ સોસાયટી માટે યુ.કે.,કેનેડા, સા.આફ્રિકા, ઝામ્બીયા વિગેરે જગ્યાએ ડૉ. મોતાલા સા. સાથે પોતાના ખર્ચે ચંદો કરી સંસ્થાને પગભર કરી હતી. જનાબ બોબાત સા. અંતમાં પણ સોસાયટીના પ્રમુખ હતા. એમના જવાથી સોસાયટીને ઘણી ખોટ છે. આજે આપણે એમની ખિદમતોની કદર કરી આજની સમગ્ર મેનેજીંગ કમિટી દુઆ ગુજારીએ કે અલ્લાહપાક એમની ખિદમતોનો બહેતરીન બદલો આપી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા કરે. આમીન.

તેવીજ રીતે આપણી સોસાયટીના મધ્ય વિભાગના ઉપ પ્રમુખ જનાબ મોહંમદભાઇ કારા સા. પણ સોસાયટીને સારી એવી મદદ કરતા હતા. અને સોસાયટીની સાથે એમની ગામની સંસ્થાઓમાં પણ ખિદમત આપતા હતા. એમના જવાથી પણ આપણી સોસાયટીને ઘણી મોટી ખોટ છે. આપણે સૌ એમના દુ:ખદ ઇન્તેકાલની નોંધ લઇ દુઆ ગુજારીએ કે અલ્લાહપાક એમને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે અને એમની મગફીરત ફરમાવે. આમીન.

આમ સમગ્ર મેનેજીંગ કમિટીના સભ્યોએ બંન્ને મહાનુભાવોને ખિરાજે અકિદત આપી દુઆ ગુજારી હતી.

**જનાબ હાજી અહમદભાઈ ગુલામભાઈ બોબાત સા.ના દુ:ખદ ઇન્તેકાલના સમાચાર જાણી દેશ-પરદેશથી ફોન-ઇમેલથી શોક સંદેશાઓના મેસેજ સોસાયટીની ઓફીસમાં આવેલ છે જેમના નામો નીચે મુજબ છે.**

જ.મોહંમદભાઈ સબાત સા.(યુ.કે.), જ.ડો.યાકુબભાઈ ગંગાત સા.(અમેરિકા),જ. અહમદભાઇ પટેલ સા. એમ.પી. (પીરામણ) જ.યુસુફભાઇ બદાત સા.(યુ.કે.),જ.યુસુફભાઈ મેમાન સા. (યુ.કે.),જ.મોહંમદભાઈ પાંડોર સા. (યુ.કે.), જ. અહમદ ઇસ્માઇલ વાવડા સા. (યુ.કે.), જ. સલીમભાઇ પટેલ સા. (યુ.કે.) જ.અહમદભાઇ ઉનીયા સા. (વડોદરા),જ. મૌ.સોયબ ભૈયાત સા. (અમેરીકા), જ.સાદીકભાઇ ભૈયાત સા. (સંજાલી),જ.એસ.જી.અમલા સા. (મોટાવરાછા), જ.મેહમુદ હૈદર વોરાજી સા.(મોટાવરાછા),જ. પ્રો.સુલ્લુભાઈ ભરૂચા સા. (રાંદેર),જ.મુસાભાઈ ભાઈમીયાં સા.(વરીઆવ

**ઉપરોકત તમામ સાહેબોનો વહોરા સોસાયટી આભાર માને છે.**

અત્યંત દુ:ખ સાથે જણાવવાનું કે ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતના પ્રમુખ તથા હાજી એ.એમ.લોખાત અને એ.એમ.મુલ્લાં સાર્વજનિક હોસ્પિટલના પ્રમુખ જનાબ મોહંમદ ગુલામ બોબાત સા.ના દુ:ખદ ઇન્તેકાલના સમાચારથી અમારી ધી સુરતી ગરાસિયા મુસ્લિમ એજયુકેશન સોસાયટી (ખોલવડ) સુરત તથા ટ્રસ્ટીઓ અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે.

મર્હુમ જનાબ અહમદભાઈ બોબાત સા.ના અવસાન નિમિત્તે અલ્લાહથી દુઆ છે કે એમની સેવાઓનો શ્રેષ્ઠ બદલો આપી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે અને કુંટુબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.

**દુઆગો પ્રમુખશ્રી**
**હમીદભાઈ મહિડા**

આપણી સંસ્થાના પ્રમુખની તાજિયત માટે બે શબ્દો રજૂ કરું છું.

અહમદભાઈ સાહેબે કરેલા કામો હંમેશા બોલતાં જ રહેશે. એમના ગયા પછી આપણે સૌ રંક થઈ ગયા છીએ. એમણે ઘણી સંસ્થાઓ માટે કામ કર્યું છે. કોંઢની સંસ્થા એમને આભારી છે.

તાહેર હરીફ

## ■ ખીરાજે અકીદત

**માનનીય જનાબ અહમદભાઈ બોબાત સાહેબના દુઃખદ ઈન્તેકાલથી શોકાતુર લોકો....**

* માનનીય જનાબ હાજી અહમદભાઈ બોબાત સાહેબના જવાથી આપણી સોસાયટીને ઘણું મોટું નુકશાન પહોંચ્યું છે.

સદા હસતા રહીને બધા સાથે નમ્રતાથી વર્તતા અને સોસાયટીના કાર્યકર્તાઓ સાથે મળી તમામ કામોમાં સમજ આપતા હતા. સોસાયટીએ કરેલા તમામ મોટા કામોમાં એમનો સંપૂર્ણ સાથ સહકાર હતો અને અન્ય બીજી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા રહી સહાયરૂપ થતા હતા.

વિદેશથી અમારા જેવાઓનું આગમન થતું તો હર્ષભેર મળતા અને સારી વાતો સમજાવતા. એમનો મુખ્ય ગુણ ધીરજથી દરેક વાતને સંપૂર્ણ રીતે સમજી આગળ વધારવાનો હતો.

અલ્લાહ પાક એમના પર મહેરબાની વરસાવે અને એમની મગફેરત ફરરમાવે એવી દિલી દુઆ સાથે...

•અહમદભાઈ વાવડા (કઠોર) લંડન–યુ.કે.

---

* અસ્સલામુ અલયકુમ વ.વ.

સલામ બાદ, આશા છે કે ખૈરો આફિયતથી હશો.

આપણી ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુ.સોસાયટીના પ્રમુખ હાજી. એ.એમ.લોખાત એન્ડ એ.એમ.મુલ્લાં સાર્વજનિક હોસ્પિટલ સુરતના પ્રમુખ, સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપી સુરતના પ્રમુખ, એ.વાય.દાદાભાઇ ટેકનિકલ ઈન્સ્ટીટયુટ કોસંબનાના પ્રમુખ, તથા એ સિવાય પણ અન્ય સંસથાઓમાં સેવા આપતા જનાબ હાજી અહમદભાઈ ગુલામભાઈ બોબાત સા.ના દુઃખદ અવસાનના સમાચાર મલ્યા.(ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજીઉન)

અલ્લાહ પાક મહૂૅમની સેવાઓને કબૂલ ફરમાવી મગફિરત ફરમાવે, જન્નતુલ ફિરદૌસ અતા ફરમાવે,

આજે અહીં ઉસ્તાદોને મહૂૅમ માટે ઈસાલે સવાબ તથા દુઆએ મગફિરતની ગુઝારિશ કરી છે. અલ્લાહ પાક કબૂલ ફરમાવે.આમીન.

અમો પણ આપના આ દુઃખમાં ભાગીદાર છીએ, વિશેષ મહૂૅમના કુટુંબીજનોને પણ હમારા તરફથી તાઝિયતી સંદેશ પાઠવવા નમ્ર વિનતી.

**આપના ગમમાં શરીક**

**મ.નઝીર ફલાહી, ખાનપુરી તેમજ**

**સમસ્ત સ્ટાફ દારૂલ ઉલૂમ ફલાહે દારૈન, તડકેશ્વર**

---

* અસ્સલમ્યુ અલયકુમ વ.વ.

સલામ બાદ આપણા સૌના વડીલ મુરબ્બી મહૂૅમ જનાબ અહમદ ગુલામ બોબાત સાહેબના દુઃખદ ઈન્તેકાલના સમાચાર જાણી ધી વરીઆવ સુન્નિ વહોરા જમાઅતના બોર્ડ ઓફ ટ્રસ્ટીઓ અને વરીઆવ ગામના જમાતી ભાઈ-બહેનો અત્યંત દુઃખની લાગણી અનુભવે છે. અલ્લાહ સુબહાનહુ વતઆલા મહૂૅમની બાલ-બાલ મગફેરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા અને ઉચું મકામ અતા કરે અને અઝાબે કબ્ર તેમ અઝાબે જહન્નમથી નજાત બક્ષે અને મહૂૅમના પરિવારના સદસ્યો તેમ આપવિવિધ સંસ્થાઓના હોદ્દેદારોને સબ્રે જમીલ અતા કરે.(આમીન)

તેમના ઈન્તેકાલથી કુટુંબીજનો, ખાસ કરીને ધી સુરતી સુન્નિ વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી તેમજ હાજી.એ.એમ.લોખાત એન્ડ એ.એમ.મુલ્લા સાર્વજનિક હોસ્પિટલ તથા બીજી નામી-અનામી સંસ્થાઓ તેમજ આપણા સમગ્ર વહોરા સમાજને કદી ન પૂરાય તેવી ખોટ પડી છે.

મહૂૅમ આપણી દુઆઓના મોહતાજ થઈ ગયા છે. જેથી આપણી સૌની ફરજ થઈ પડે છે કે, મહૂૅમ માટે વધુને વધુ મગફેરતની દુઆઓ કરતા રહીએ અને ઈસાલે સવાબ કરતા રહીએ.

વસલામ...

**લિ.આપની દુઆઓનો તલબગાર**

**પ્રમુખશ્રી ધી વરીઆવ સુન્નિ વહોરા જમાઅત**

**(સલીમ ઈસ્માઈલ દાવજી)**

---

* આપના ટ્રસ્ટના ટ્રસ્ટી જનાબ અહમદભાઈ જી.બોબાતનું તા.૨૫/૦૮/૨૦૨૦ના રોજ દુઃખ અવસાન થયેલ છે. સદગત આપના ટ્રસ્ટ સાથે ઘણાં વર્ષોથી ટ્રસ્ટી તરીકે સેવા આપતા હતા. તેમજ સુરત શહેર અને આજુબાજુના વિસ્તારોમાં આવેલ મુસ્લિમોની સામાજિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા. સદગત પરગજુ અને નેકદિલ ઈન્સાન હતા.

જનાબ અહમદભાઈ બોબાત ધી સુરતી સુન્નિ વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત સંસ્થાઓને ઉપયોગી માર્ગદર્શન, સલાહ તથા સૂચનો આપતા હતા. આપની સંસ્થાને ન પૂરાય તેવી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

● અશોકભાઈ અગ્રવાલ
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

*** અહમદભાઈ બોબાત સાહેબના અવસાનથી**

**બ્રિટિશ મુસ્લિમ સમાજ શોકમગ્ન**

મહુર્મ અહમદભાઈ બોબાત ધી સુરતી સુન્નિ વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટીના પ્રમુખ ઉપરાંત વિવિદ્ય હોદ્દાઓ ઉપર રહી ચૂકયા હતા. એક વચારવંત દીર્ઘ દ્રષ્ટિ ધરાવનાર, સાચા, અનુભવી અને સમજનું દર્દ લઈને ચાલનાર વ્યકિત હતા. ધણી સંસ્થાઓમાં એમનું અમૂલ્ય પ્રદાન રહયું છે. અહમદભાઈ નિસ્વાર્થ સેવા થકી સમાજની પ્રગતિના એક વૈચારિક વ્યકિતત્વ ધરાવતા હતા. સમગ્ર સમાજની અને ખાસ કરીને મુસ્લિમ સમાજની કલ્યાણકારી, સામાજિક, શૈક્ષણિક, આરોગ્યપ્રદ સંસ્થાઓના વિકાસ અને સ્થાપનામાં એમનો મહત્વપૂર્ણ ફાળો રહયો છે. સમાજના એક આગેવાન તરીકે એમની નિષ્ઠા કદરને પાત્ર છે. એમની ભાવના સમાજના ઉત્કર્ષની રહી જેથી એક અદના અને ગરીબ વ્યકિતને પણ લાભ થાય એવી પ્રવૃત્તિઓમાં ખાસ રસ ધરાવતા હતા. ધી સુરતી સુન્નિ વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી અને અન્ય સંસ્થાઓના અગ્રણી, વડીલ અને જૂના કાર્યકરોમાં એમની ગણના થતી હતી. એમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અનેક સંસ્થાઓએ પ્રગતિના શિખરો સર કર્યા છે. તેના ફળ આવનારા સમયમાં પણ મળતા રહેશે.

બ્રિટિશ મુસ્લિમ સમાજના અગ્રણી, ઈન્ડિયન મુસ્લિમ એસોશિએશન લેસ્ટરના ભૂતપૂર્વ પ્રમુખ, ઉધોગપતિ અને મહૂર્મ અહમદભાઈ સાથે જેમને નિકટના મિત્રાચારી સંબંધો રહયા છે એવા અલ્હાજ મોહમમદભાઈ બોબાતે એમની સાથેની મુલાકાતોનું સ્મરણ કરી શોક વ્યકત કરતાં જણાવ્યું છે કે, પરદેશમાં એમનો અને એમની પ્રવૃત્તિનો એક મોટો ચાહક વર્ગ હતો, જેમાં એઓ સમાજના અગ્રણી અને નેક ઈન્સાન તરીકે ગણના પામત હતા. અહીં બ્રિટન ખાતે પણ અનેકવાર એમના પ્રવાસો દરમિયાન સામાજિક પ્રવૃત્તિને વેગવંતી બનાવવાના એમના વિચારો અને ખાસ પ્રયત્નો જણાતા રહયા. એમના અવસાનથી સમાજે એક અગ્રણી કાર્યકર ગુમાવ્યાનું દુ:ખ હંમેશા રહેશે. છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત તબિયત હોવા છતાં એમણે અવિરત સેવા ચાલુ રાખી હતી.

અહમદભાઈના અવસાનના સમાચાર બ્રિટન ખાતે વાયુવેગે પ્રસરી ગયા. જાણ થતાં તેમના ચાહકો અને પરિચિતોમાં ધેરા શોકની લાગણી પેદા થઈ ગઈ હતી. મસ્જિદોમાં એમના માટે મગફિરતની દુઆઓ કરવામાં આવી હતી. અલ્લાહ તઆલા એમની મગફિરતફ્ર કરે અને કુટુંબીઓને સબ્રે જમીલ આપે.

**યુસુફ એમ સિદાત (થાલાવાલા) લેસ્ટર, યુ.કે.**

Not only our community but many other communities has loss a committed dedicated and sincere worker and a leader.

May ALLAH(S.W.T.) Fargive all his shortcomings and grant him jannatul firdous and Sabre Jameel to all the family members and friends.

Aameen Summa Aameen

25/8/2020 Birmingham
Aziz Unia

Dear Suratee Sunni Vohra Team,

We were cwry saddened to hear about the death oBr.Ahmad Gulam Bobat. Inna hillahi wa inna ilayhi rajioon.

Br.Ahmad Bobat was a pillar in the community and his service to the poor and needy is an example to follow. I have heard of his accomplishments from Br.Abdulhai, and all I can say is May Allah reward him for all his hard work and good deeds...Ameen.

Our team at HCI is praying for him and his family. It was a pleasure for our organization to work with Suratee Sunni under his leadership.

We will, InshaAllah, follow his legacy of striving to help people in need.

At this moment, please accept our sincerest condolences and pass our regards to his family.

Mahmuda Khan
Executive Director
Human Concern International.

## • મહશરમાં મેદની...

▪ દીપક બારડોલીકર

'મહશર' એ એક અરબી શબ્દ છે અને એનો અર્થ મેદાન, કયામત, પ્રસંગે લોકોને ભેગા થવાનું સ્થળ, એને હશર યા હશ્ર પણ કહે છે.

હશ્રનું મેદાન યાને મહશર આ ધરતી પર જ આવેલું છે. અને કયામત પ્રસંગે વિશ્વભરના લોકો એ સ્થળે એકત્રિત થશે. તેઓ તેમની ઈચ્છાથી અહીં નહીં આવે. બલકે એક આગ તેમને આ સ્થળે લઈ આવશે.

આ આગ વિશે અહાદીસે નબવીમાં કહેવાયું છે કે એ કયામત વિશેની દસ મોટી નિશાનીઓ માંહેની અંતિમ અને કયામત આવી પહોંચી હોવા વિશેની પહેલી નિશાની હશે. આ સંદર્ભે નોંધી શકાય છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ન સલામ(રદિ.) ના કયામત આવ્યાની પહેલી નિશાની વિશેના સવાલના જવાબમાં રસૂલુલ્લાહે(સ.અ.વ.)કહયું, 'આગ જે પૂર્વથી પશ્ચિમ સુધીના લોકોને ભેગાં કરી દેશે.' (બુખારી, મુસનદ અહમદ)

કયામત પ્રસંગે લોકોના ભેગા થવાનું એ સ્થળ કયું? હશ્રનું મેદાન કયાં આવેલું છે? આ પ્રશ્નનો ઉત્તર આપણને હદીસે નબવી (સ.અ.વ.)માંથી મળે છે. અબ્દુલ્લાહ ઈબ્ન ઉમર (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલે(સ.અ.વ.) કહયું, 'તે(આગ), લોકોને તે સ્થળે ભેગા કરશે કે જયાં ઈબ્રાહીમે હિજરત કરી હતી.'(મુસનદ અહમદ, હદીસનો અંશ)

અત્રે યાદ રહે કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.) મેસો પોટેમિયા યાને ઈરાકના રહેવાસી હતા. અને મકકાના પ્રવાસથી પાછા ફર્યા પછી તેઓ ઈરાકથી સીરિયા હિજરત કરી ગયા હતા. આ હિસાબે ઉપરોકત હદીસને તપાસતાં જાણવા મળે છે કે કયામત વેળા વિશ્વભરના લોકો સીરિયામાં ભેગા થશે અને મશહર તથા હશ્રની સર્વ કારવાઈ કરીને સીરિયન પ્રદેશમાં જ હાથ ધરાશે. અર્શે આઝમ પણ શાયદ અહીં જ ઉતરશે.

**પુર્નજન્મ:** સીરિયામાં લોકોના ભેગા થવાની ઘટના, એમ લાગે છે કે, સૂરના પહેલા ફૂંફવાટા પછી બનશે. અને ત્યાર પછી, ઘણું કરીને, ચાળીસ વર્ષ બાદ બીજો ફૂંફવાટો ગાજશે ને સૌનું મરણ થશે. અલબત્ત ફિરસ્તા મિકાઈલ, ઈસરાફીલ, જિબ્રઈલ તથા અર્શ ઉપાડનારા આઠ ફિરસ્તા એ સમયે મૃત્યુથી બાકાત રખાશે.

અહાદીસ અનુસાર ત્યાર પછી ગાજનારા ત્રીજા ને અંતિમ ફૂંફવાટા સાથે સૌ મૃતકો પુર્નજીવિત થઈ જશે. અને કબરમાંથી નીકળીને તેમના રબ તરફ દોડશે. આ સંદર્ભે હઝરત સુફયાન સવરીના કથન અનુસાર હઝરત અબદુલ્લાહે(રદિ.) વર્ણવ્યું છે કે, સૂરના બે ફૂંફવાટ વચ્ચે અલ્લાહ ઈચ્છે એટલો સમય પસાર થશે. ત્યાર પછી અલ્લાહ તેના અર્શ તળેથી પાણી વરસાવશે અને મૃત(દેહો) લીલોતરી માફક ઉગશે. બાદમાં સૂર ફરી(ત્રીજીવાર) ફૂંકાશે અને દરેક પ્રાણ, દરેક જીવ તેના દેહમાં પાછો પ્રવેશ કરશે. અને તેઓ ઉભા થઈને તેમના રબ તરફ દોડશે. (બિફોર એન્ડ આફટર ધ લાસ્ટ અવર)

■ **જમીન ફાટશે:** પુર્નજન્મના દિવસે જમીન ફાટશે, કબરો ખૂલશે અને સૌ પ્રથમ જે કબર ખુલશે તે નબી કરીમ (સ.અ.વ.)ની હશે. અને કબરમાંથી સૌ પ્રથમ નીકળનારા આદમી આપ(સ.અ.વ.)હશે. આ સંદર્ભે સૈયિદિના અબૂ સઈદ(રદિ.) વર્ણવે છે કે અલ્લાહના પયગમ્બરે(સ.અ.વ.) કહયું, કયામતના દિવસે આદમનાં સંતાનોનો સરદાર હું હોઈશ અને એ કંઈ શેખી નથી. એ દિવસે હું પહેલો માણસ હોઈશ, જેના માટે જમીન ફાટશે અને એ કાંઈ શેખી નથી.(મુસ્લિમ, અબૂદાવુદ)

કબરમાંથી આપ(સ.અ.વ.)સૌથી પહેલા બહાર આવશે એમાં શંકા નથી. ત્યાં આ પણ એટલું જ અચંબાજનક છે કે આપ (સ.અ.વ.) કબરમાંથી નીકળીને જોશે તો હઝરત મૂસા(અલૈ.) અર્શને અડીને

ઉભા હશે. આ સંદર્ભે, બુખારી તથા મુસ્લિમની એક હદીસમાં ખુલાસા સૂચક આ શબ્દો નોંધાયા છે કે : હું નથી જાણતો કે તૂર પરની(હ.મૂસાની) નિર્ભાનતા પૂરતી હતી યા તેમને મારાથી પહેલાં પુનૅજીવિત કરાશે!

■ **પરસેવાનું પૂર**: અહાદીસ અનુસાર હશ્રના મેદાનમાં મખલુકની અસામાન્ય મેદની જામી હશે. અને ત્યાં જેને પગ ટેકવવાની જગ્યા મળે તે ભાગ્યશાળી હશે. સૂર્ય તેમના ઉપર તપી રહયો હશે. અને તેઓ તાપમાં શેકાઈ અને ઓગળી રહયા હશે.

બૈહકીએ નોંધ્યું છે કે સૈયિદા સવદહ(રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ કહયું, એ દિવસે લોકોને પુષ્કળ પરસેવો થશે. અને એ તેમના કાનની બુટ સુધી પહોંચી જશે. (કન્ઝુલ ઉમ્માલ, દુર્રુલ-મન્સૂર)

સૈયિદિના અબૂ હૂરયરહ(રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ કહયું, પુનૅજીવનના દિવસે થનારો પરસેવો સિત્તેર વર્ષ સુધી રહેશે. અને તે લોકોના મોં યા કાન સુધી પહોંચી જશે.(બુખારી, મુસ્લિમ)

મતલબ કે એ દિવસે સૂર્ય બહુ નજીક હશે અને તેના અસહય તાપમાં લોકો પ્રસ્વેદથી પલળી રહયા હશે. અને એ મેદાનમાં પરસેવાની ગંધાતી નદી વહી રહી હશે.

આ એક અજાયબી છે, કૌતુક છે, જે સવાલ જન્માવે છે કે સૂર્ય તો સૂરના બીજા ફૂંફવાટે લપેટી લેવાયો હશે તો પછી મહશરમાં ચમકનારો આ સૂર્ય કયો? આ પ્રશ્ન મારી સમજ તથા જાણકારી બહારનો છે. અલ્લાહ અઅલમ.

■ **અલ્લાહની છાયા** : મહશરના મેદાનમાં એક તરફ લોકો અસહય તાપમાં શેકાઈ રહયાં હશે ત્યારે કેટલાક ભાગ્યશાળી એવા પણ હશે, જેમને અલ્લાહ તઆલાની છાયામાં સ્થાન મળશે. એ કોણ હશે?

સૈયિદિના અબૂ હુરયરહ(રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ કહયું, તે દિવસે કે જયારે અલ્લાહની છાયા સિવાય કોઈ છાયા હશે નહીં. ત્યારે અલ્લાહ, સાત(પ્રકારના) માણસોને પોતાની છાયામાં સ્થાન આપશે, (તે હશે) ન્યાયી ઈમામ(રાજયકર્તા), અલ્લાહની તાબેદારીમાં ઉછરેલા યુવાન, તે લોકો જેમના દિલ મસ્જિદો સાથે જોડાયેલાં હોય, તે પુરૂષ કે જેને ઉચ્ચ પદ ધરાવતી રૂપાળી સ્ત્રી બદલાવે અને તે કહે: હું મારા અલ્લાહથી ડરૂં છું- બે માણસો જે અલ્લાહની ખાતર એક બીજાને ચાહતા હોય અને અલ્લાહની ખાતર અલગ થતા હોય, અને એક તે માણસ, જે ગુપ્ત રીતે દાન કરે છે યાને જમણો હાથ આપે તો ડાબો હાથ જાણે નહીં એ રીતે આપે છે.(બુખારી, મુસ્લિમ)

મુસનદ અહમદ માંહેની, સૈયિદા આયેશા (રદિ.)નો હવાલો ધરાવતી એક હદીસ પ્રમાણે, અલ્લાહની છાયામાં જનારાઓમાં સૌથી આગળ તે હશે, જેમને તેમનો હક આપવામાં આવે ત્યારે તે સ્વીકારે છે અને કંઈક માંગવામાં આવે ત્યારે તેઓ તે આપે છે. અને તે લોકો, જે પોતાના માટે લે છે તેવો નિર્ણય અન્ય લોકો માટે લે છે.

■ **દિવસ કેવડો**: મહશરમાં દિવસ કેવડો હશે? આ સવાલનો જવાબ વિવિધ હદીસોમાં વિવિધ રીતે મળે છે. હઝરત ઈબ્ને અબી તલ્હા, હઝરત ઈબ્ને અબ્બાસ(રદિ.)ની મંજુરીથી વર્ણવે છે કે : અલ્લાહ પુનૅજીવનના દિવસે શ્રધ્ધાહીનો માટે પચાસ હજાર વર્ષ જેટલો લંબાવી દેશે. મુસનદે અહમદની એક હદીસમાં અબૂ સઈદ(રદિ.)ના કથન પ્રમાણે કોઈકના પશ્નના ઉત્તરમાં રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું, જેના હાથમાં મારો પ્રાણ છે તેના કસમ, એ દિવસ શ્રધ્ધાવાનો માટે મુકરૅર કરાયેલી નમાઝ પઢે છે તેનાથી પણ હળવો.

કન્ઝૂલ ઉમ્માલ અનુસાર જેમને અલ્લાહ માફ નહીં કરે તેમના માટે એ દિવસ પચાસ હજાર વર્ષ જેટલો પ્રલંબ અને કઠિન હશે. અને હઝરત અબૂ હુરયરહ(રદિ.)ના વર્ણન અનુસાર, શ્રધ્ધાવાનો- મોમિનોમાં તે કે જેમના ગુના માફ કરાયા હશે તેમના માટે એ દિવસ ઝૂહર અને અસર વચ્ચેના ગાળા જેવડો હશે.

અને કુરઆન કરીમની સૂરહ અલ-હજજમાં ફરમાને ઈલાહી છે કે: અને નિ:શંક, અલ્લાહ નજીક

(હશ્રનો) એક દિવસ તમો ગણો છો એ હિસાબે એક હજાર વર્ષ જેવડો છે.(૨૨:૪૭)

મતલબ કે પુનૅજીવનનો એ દિવસ ચોવીસ કલાકનો નહીં હોય, ઓછામાં ઓછા એક હજાર વર્ષ જેવડો હશે.

■ **ધરતી અને આકાશ**: પુનૅજીવનના દિવસે લોકોને કલ્પનાતીત પરિવર્તનો જોવા મળશે. ધરતી બદલાઈ ગયેલી હશે પહાડો, જંગલો, સરિતા, સમુદ્રો, ગામો-શહેરો કંઈ શાયદ નહીં હોય. આકાશના રંગ-રૂપ પણ બદલાઈ ગયાં હશે. અને સૂર્ય માથા ઉપર ઉતરી આવ્યો હશે. આ પરિવર્તન સંદર્ભે કુરઆને કરીમમાં દર્શાવ્યું છે કે, એ દિવસે, જયારે જમીન એક બીજી જમીન વડે બદલી નંખાઈ હશે, અને આકાશ પણ (બદલાઈ ગયું હશે)અને તેઓ(લોકો) એક અલ્લાહ, સર્વેશકિતમાન સમક્ષ હાજર થશે.(૪૮) સૂરહ ઈબ્રાહીમ-૧૪.

અને સૂરહ અંબિયામાં ઈર્શાદ થયો છે કેઃ એ દિવસે જયારે આકાશોને, અમે લખેલા ટીપણાં માફક લપેટી લેશું. અને અમે પ્રથમ વાર સર્જન કર્યું હતું એમ પુનૅસર્જન કરીશું. આ અમારો વાયદો છે. અને અમે એમ જરૂર કરીશું.(૧૦૪) સૂરહ અંબિયા.

કલામે પાકની આ આયાતોનો સાર એ છે કે સૂરના બીજા ફૂંકવાટા પછી ધરતી અને આકાશ વિસ્થાપિત કરી દેવાશે. ઉખેડી નંખાશે અને તેમની જગ્યાએ એક નવું સર્જન થશે. નવી ધરતી હશે ! નવું આકાશ હશે ! એનાં રંગરૂપ અને માળખાં કેવાં હશે ? આ સવાલનો જવાબ અહાદીસમાંથી આ રીતે મળે છે. સૈયિદિના સહલ ઈબ્ને સઅદ(રદિ.) વર્ણવે છે કે અલ્લાહના પયગમ્બર(સ.અ.વ.)એ કહયું, પુનૅ-જીવનના દિવસે લોકો પકાવેલી રોટી જેવી સફેદ, સપાટ જમીન ઉપર ભેગા કરાશે, તેના ઉપર કોઈની હકમર્યાદા દર્શાવતું નિશાન નહીં હોય. (બુખારી, મુસ્લિમ)

અને સૂરહ ઈબ્રાહીમની, જમીન તથા આકાશ બદલવા વિશેની આયત-૪૮ની સમજૂતી આપતાં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ(રદિ.) કહે છે કે, આ જમીન ચાંદીમાં પલટી દેવાશે અને આકાશ સોનાનું કરી દેવાશે.(તબરી-તફસીરમાં)

■ **ચાળીસ વર્ષ**: એ દિવસે ચાંદીની પાટ જેવી જમીન ઉપર અને સોનેરી આકાશ તળે સમગ્ર પ્રાણધારી મખલૂકની મેદની જામી હશે. પ્રચંડ, અતિ પ્રચંડ મેદની ! આ મેદની તેમનાં કર્મના હિસાબની રાહ જોતી હશે. અબૂ ય અલાની મુસનદમાં ઈબ્ને ઉમર (રદિ.)નો હવાલો ધરાવતી એક હદીસમાં દર્શાવાયું છે કે : પુનૅજીવનના દિવસે લોકો મૂંઝાયેલી અને કોરી આંખે આકાશ તરફ તાકીને જોતાં ચાળીસ વર્ષ ઉભાં રહેશે. તેઓ તેમના કર્મના હિસાબે પગ, ઘુંટણ, કુલા યા મોં સુધી તેમના પરસેવામાં ડૂબેલા હશે.(સારાંશ)

તિરમીઝીના હદીસ સંગ્રહમાં હઝરત અબુ હૂરયરહ(રદિ.)નો હવાલો ધરાવતી એક હદીસમાં કહયું છે કે, લોકોને ઉઘાડપગા, નવસ્ત્રા ને સુન્નત કરાયા વિનાની દશામાં ભેગા કરાશે. તેઓ ચાળીસ વર્ષ, આકાશ તરફ મીટ માંડીને, ઉભા રહેશે. (હદીસનો અંશ)

તાત્પર્ય કે એ લોકો તેમના કર્મના હિસાબના ઈન્તેઝારમાં, મહેશરમાં ચાળીસ વર્ષ ઉભાં રહેશે. અતિ પ્રચંડ મેદની હશે, પગ ધરવાની જગ્યા નહીં હોય, સૂરજ માથા પર તપી રહયો હશે, પરસેવાનું વહેણ હશે, અને પીડાનો પાર નહીં હોય ! પણ એ વેઠયે જ છૂટકો !

■ **સંદર્ભ ગ્રંથો: (૧) બિફોર એન્ડ આફ્ટર ધ લાસ્ટ અવર : ઈબ્ન કસીર અદ-દમિશ્કી (૨) ધ હોલી કુરઆન (ટ્રાન્સલેશન એન્ડ કોમેન્ટ્રી :અબ્દુલ્લાહ યુસુફઅલી)** ■

## • તમારો રસ્તો તમે જાતે જ શોધી લો, આપણી પાસે કોઈ માર્ગદર્શક નથી !

ક્યાંય પણ કોઈ માણસ નબળો નથી હોતો ! અનેક કારણોસર એનામાં પ્રવેશી ગયેલી નબળાઈઓ એને નબળો બનાવે છે! બાકી તો માણસ શકિતનો ભંડાર છે! અહ્નની પાસે આત્મબળ છે, મનોબળ છે, પીઠબળ છે, સ્વયંબળ છે! આ બધામાં આત્મબળ અને મનોબળ સર્વોત્તમ બળ છે અને એ છેક લગી એને સાથ આપે છે. એ તમને એવા ખૂદ્દાર અને ખમીરવંતો બનાવે છે કે તમે તમારી આગવી ખુમારીથી જીવી શકો છો! ને સ્વબળ પણ એમાંથી જ ઉત્પન્ન થાય છે.

આત્મબળ અને સ્વબળ, વર્તમાન યુગમાં તો અત્યંત જરૂરી છે. તમારો રસ્તો, તમારી દિશાઓ તમારે જાતે જ શોધવાની છે. એ માટે રસ્તો દેખાડનાર કે આંગળી ચીંધનાર કોઈ પ્રામાણિક માર્ગદર્શક આપણી પાસે નથી ! શરૂઆતના વર્ષોમાં જે આદર્શવાદીઓ હતા, ત્યારે સંતો અને મહાપુરૂષો આપણા આદર્શ પણ હતા અને માર્ગદર્શક પણ હતા ! એમનો આદર કરવામાંય આપણું ગૌરવ જળવાતું હતું એવા આદર્શવાદી માર્ગદર્શકો જ આપણી પાસે ક્યાં છે ? આપણા બની બેઠેલા કહેવાતા માર્ગદર્શકો તો પોતે જ ભૂલા પડયા છે અને વિપરિત માર્ગે ચાલવા માંડયું છે! એમની પ્રેરણા જ સામાજિક નીતિઓના અવમૂલ્યનનું કારણ બની છે! ચૂંટણી પ્રચાર માટે ગામેગામ દોડાદોડી કરવામાં પેટ્રોલ, ડિઝલ પાછળ ખર્ચ થાય એ સ્વાભાવિક છે, પણ હવે પ્રચાર દ્વારા મત મેળવી શકે એવા લોકપ્રિય-પ્રજાપ્રિય નેતા જ ક્યાં છે ? હવે તો ઈવીએમ મશીન સાથે અને બેલેટ પેપર સાથે ચેડાં કરીને મત મેળવાય છે ને કાં તો પૈસા ખર્ચીને મતોની ખરીદી કરવી પડે છે અને તે છતાં હારી જાય તો સામેના જીતેલા ઉમેદવારને ખરીદી લેવાનો નિર્લજ્જ એટીટયૂડ પ્રચલિત બની ગયો છે. લુચ્ચાઈ હવે સ્ટ્રેટેજીના નામે ઓળખાય છે! આ ચાલાકી અને આ ચબરાકીએ જ દેશમાં ભ્રષ્ટાચારના બીજ વાવ્યાં છે !

આપણી પાસે નેતા છે! મહાનેતા છે! પણ મહાપુરૂષ કહેવાય એવો એક પણ નેતા નથી ! સવાસો કરોડથી વધુ વિરાટ જનસંખ્યા ધરાવતો આવડો મોટો દેશ મહાપુરૂષ વિહોણો હોવાની સ્થિતિ આ દેશ અને દેશની પ્રજાનું દુર્ભાગ્ય છે ! અને મતદાર તરીકે આપણા માટે લાંછનરૂપ છે! એ એટલા માટે કે આવડા મોટા દેશમાંથી મહાપુરૂષ શોધવામાં નિષ્ફળ ગયા છીએ! આવડો મોટો દેશ મહાપુરૂષ વિહોણો હોય એ શકય નથી ! પણ એવા મહાપુરૂષને શોધવા કે ઓળખવાની સૂઝ અથવા લાયકાત આપણે ગુમાવી ચૂકયા છીએ ! દેશની વિધાનસભાઓમાં અને લોકસભામાં બેઠેલા નેતાઓ સીધા દોડીને ત્યાં પહોંચી ગયા નથી ! આપણી પસંદગી એ આપણી સૂઝ અને લાયકાતનું બેરોમિટર છે! એ લોકો આપણો મત મેળવીને જીતી ગયા અને આપણે એમને મત આપીને હારી ગયા છીએ એવો અહેસાસ કયારેય આપણને થયો છે ખરો ? કોઈ માણસ આપણને છેતરી જાય એ બહુ ચાલાક છે એવું ધારી શકાય નહિ ! આપણી સાથે એણે નહિ, આપણા વિશ્વાસે છેતરપીંડી કરી છે ! આપણે વિશ્વાસ રાખ્યો તો છેતરાયાને ? જેના પર વિશ્વાસ રાખીએ એ માણસ આપણને છેતરે તો એ મૂર્ખ ગણાય ! પણ એજ માણસ એજ પધ્ધતિથી બીજીવાર છેતરી જાય તો આપણે મૂર્ખ ગણાઈએ ! સાવ વગોવાઈગયેલો નેતા વારંવાર ચૂંટાઈ આવતો હોય તો આપણે કેટલીવાર મૂર્ખ બન્યા છીએ એનો ખ્યાલ આવે છે ખરો ? આ માત્ર સત્તાપક્ષના નેતાઓની વાત નથી. વિપક્ષોમાં પણ પ્રમાણિક નેતાઓનો દુષ્કાળ જોવા મળે છે! વિપક્ષમાં પ્રમાણિક સભ્ય હોત તો શાસક પક્ષ જાનવરની માફક એને ખરીદી શકયો ન હોત ! જે સભ્ય પોતાની જાતને વેચી શકે છે એ દેશની અસ્મિતા અને દેશની કોઈપણ વસ્તુ વેચી નાંખશે! પૈસા ખાતર છેવટે એ દેશને પણ વેચી નાંખે તો આશ્ચર્ય ન થવું જોઈએ. જેને પોતાની જાતની કદર ન હોય એને દેશની કદર કયાંથી હોય ? મત આપીને મતદારોએ એની કદર કરી છે એ વાતનો એને

થોડોકેય અહેસાસ હોત તો એ કદરદાનીની અહેમિયત જાળવી શકયો હોત! એને એ ન ભૂલવું જોઈએ કે એ જે પક્ષ તરફથી ચૂંટણી લડી રહયો છે એ મત વિસ્તારમાં બીજા પક્ષના ઉમેદવાર એની સામે હોય છે. મતદારોએ એ ઉમેદવારને મત આપવાને બદલે તેને, તારા પક્ષને મત આપ્યો છે! મતદારોએ જે પક્ષને જાકારો આપ્યો હોય એ પક્ષમાં ચૂંટાયા પછી તું પ્રવેશે છે એ માત્ર તારી જાતને જ નહીં, મતદારોના વિશ્વાસને પણ વેચી નાંખયો છે! મતદારો સાથે તે વિશ્વાસઘાત કર્યો છે તે પક્ષ સાથે પણ વિશ્વાસઘાત કર્યો છે અને વિશ્વાસઘાત એ સૌથી મોટો અપરાધ છે! આવો અપરાધી બીજીવાર પણ ચૂંટણીમાં ઉભો રહેશે, ત્યારે તમે જે ઉમળકાથી એને મત આપ્યો હોય એવા જ આક્રોશથી એને જૂતા મારવાની હિંમત કેળવી શકાશો તમે? એમ કરવામાં કશી અસભ્યતા નથી. એ નેતા જ અસભ્ય છે. એણે તમને દગો દીધો છે. એ તમારો અપરાધી છે અને અપરાધીને સજા કરવી કયારેય અસભ્ય ન ગણાય! એને સજા કરવી એ તમારો અધિકાર છે! એ માટે આ જ લેખમાં શરૂઆતમાં જણાવ્યા મુજબ આત્મબળ અથવા મનોબળની જરૂર છે! આત્મશકિત આગળ ભલભલી શકિતઓને પરાજિત થતી જોઈ છે! દેશની આઝાદીની ચળવળમાં શું હતું? માત્ર આત્મશકિત જ હતી, જેની સામે અંગ્રેજ શાસકોએ ઝૂકવું પડયું અને દેશ છોડવો પડયો.

ભારત એક બહુ મોટો લોકશાહી દેશ છે. લોકશાહીમાં ચૂંટણી આવશ્યક છે અને અનિવાર્ય પણ છે! પણ એનો હેતુ હવે શુધ્ધ રહી શકયો નથી! ચૂંટણી હવે દેશલક્ષી નહિ, સત્તાલક્ષી બની ગઈ છે, એટલે ચૂંટણીમાં જે ઉધામા જોવા મળે છે એ દેશની સેવા માટે નહિ, સત્તા પ્રાપ્ત કરવા માટેના ઉધામા હોય છે! ચૂંટણી પ્રચારમાં પ્રલોભનકારી વાતોની ફાંટો પર ફાંટો ઠલવાય છે! એમની એ આખી રણનીતિ મતદારોને ગુમરાહ કરવા માટે જ હોય છે. એથી પ્રલોભનકારી વાતોથી પ્રભાવિત થયા વગર નેતાના અવાજને નહિ, આત્માના અવાજને અનુસરશો તો તમારું મતદાન સાર્થક થશે અને દેશને ઉપયોગી નેતા પ્રાપ્ત થશે. પણ આમાં મતદારો ય શું કરે? એની સામે જે ઉમેદવારો હોય એમાંથી જ એકને ચૂંટવો પડે છે! દેશને પ્રમાણિક નેતા કયાંથી મળે? સારા માણસો આગળ આવી ચૂંટણીમાં ઉભા રહેવાની હિંમત કરે એવું વાતાવરણ આપણે ઉભું કરવું પડશે.

**ન્યાયની રાખી જો ઈચ્છા તો તમે માર્યા જશો,**
**સ્હેજ પણ સાચું જો બોલ્યા તો તમે માર્યા જશો,**

■

---

## <u>રાહ સૌનો ઉજજવળ હો...</u>

ગઝલ

રાત્રિ સુહાની હો, પ્રેમની કહાની હો,
આપ ત્યાં સુધી આવો -
મસ્ત જયાં જવાની હો, જિંદગી મઝાની હો,
આપ ત્યાં સુધી આવો.

આપને બતાવું હું, સ્વર્ગ મારી આશાનું ,
માત્ર એક શરતે એ -
પૂર્ણ જયારે આશા હો, મારી કલ્પનાની હો,
આપ ત્યાં સુધી આવો.

એટલી વિનંતી છે, જિંદગીની રાહોમાં,
સાથ એટલો આપો -
પ્રેમ, પ્રેમ મસ્તીની, જયાં અમર કહાની હો,
આપ ત્યાં સુધી આવો.

વિરહના એ ગોજારા, જાગરણ મહીં મારા
આશરો બને દિલનો -
આગમન ન હો, તો પણ યાદ આવવાની હો,
આપ ત્યાં સુધી આવો.

એ મિલન, મિલન કેવું, હો મરણનો ભય જેમાં
શકયતા વિરહની હો -
જિંદગી મરણભયથી, મુકત જયાં થવાની હો,
આપ ત્યાં સુધી આવો.

• મસ્ત મંગેરા

# • દીની અને દુન્યવી શિક્ષણ...

▪ પ્રો.ડો.હસન એ. લુણત - વિતાન
ભૂતપૂર્વ પ્રમુખ, મુસ્લિમ રાઈટર્સ એકેડેમી

મુસ્લિમ સમાજ ઉપર હંમેશા ધર્મ અને ધાર્મિક વિદ્વાનોની ખાસ્સી એવી પકડ રહી છે. આ પકડ કે પ્રભાવથી કશું ખોટું નથી થતું. છતાં એક વાત મારે કહેવી જોઈએ કે ધર્મ અને ધાર્મિક વિદ્વાનોના વર્ચસ્વને લીધે સામાન્ય મુસ્લિમોના માનસ ઉપર ધાર્મિક શિક્ષણની મહત્તા કે અગ્રતા અને દુન્યવી શિક્ષણની ગૌણતા, ન્યૂનતા કે અર્થહીનતાનો ખ્યાલ ઘર કરી જતો હોય એવું મને લાગ્યું છે. દુન્યવી શિક્ષણથી માત્ર દુનિયામાં જ ફાયદા થાય છે, જયારે દીની તાલિમથી દુનિયા અને આખેરત બંને સુધરી જાય છે. દુનિયા તો નાશવંત છે. તેથી આપણે તો માત્ર આખેરતની જ તૈયારી કરવાની છે. મૌલાનાઓ અને મુફ્તીઓ ધ્વારા થતી તકરીરોમાંથી આજ સાર નીકળતો હોય છે. અને બૃહદ મુસ્લિમ સમાજ ઉપર આવી તકરીરોનો વ્યાપક અને ગહન પ્રભાવ પણ પડતો હોય છે. આ પ્રભાવ હેઠળ જ સરેરાશ મુસલમાન દુન્યવી શિક્ષણથી મોં ફેરવી લઈ માત્ર દીની શિક્ષણ પ્રાપ્ત કરવામાં મંડી પડે છે.

અનેક કિસ્સાઓમાં મેં જોયું છે કે લખતાં-વાંચતાં આવડે એટલું માંડ પાંચ-સાત ચોપડીનું દુન્યવી શિક્ષણ મેળવ્યું ન મેળવ્યું ને મુસ્લિમ બાળક દીની શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસાર્થે ઝંપલાવે છે. દારૂલ ઉલૂમોમાં જઈ ઉચ્ચ દીની શિક્ષણ પ્રાપ્ત કરી મૌલવી, મુફ્તી જેવી સનદો મેળવી દીનની અને કૌમની ખિદમત કરવી એ ખૂબ જ સારી અને આનંદની વાત છે. મુસ્લિમ સમાજમાં મઝહબી તાલીમની અગત્યતા અને ધાર્મિક વિદ્વાનોની અત્યાધિક મહત્વની ભૂમિકા વિશે કોઈપણ વ્યકિત ઈન્કાર કરી ન શકે. પરંતુ મારા જોવામાં આવ્યું છે કે દીની શિક્ષણ ક્ષેત્રે ઝંપલાવતા બાળકોમાંથી પણ ઘણા અભ્યાસ અધવચ્ચે પડતો મૂકે છે. આમ તેઓ દીની અને દુન્યવી બંને પ્રકારના શિક્ષણમાં પારંગત થઈ શકતા નથી.

હું એક વાત બહુ જ સ્પષ્ટપણે માનું છું કે એક મુસલમાનને માટે દીની શિક્ષણને હાંસલ કરવાની જેટલી અનિવાર્યતા અને આવશ્યકતા છે, તેટલી જ અનિવાર્યતા અને આવશ્યકતા દુન્યવી શિક્ષણને હાંસલ કરવાની પણ છે. મઝહબે ઈસ્લામને સમજવા માટે દીની તાલિમ અનિવાર્ય છે. એની આખિરતની જિંદગી એ દુનિયામાં જે અમલિયત કરે છે તેના પર આધારિત છે. અર્થાત્ અમલિયાતનું અદકેરું અને વિશિષ્ટ સ્થાન છે. ઉચ્ચ દીની શિક્ષણ પ્રાપ્ત કરીને પણ ઘણા સનદધારીઓ અમલિયાતની બાબતમાં સાવ કોરા પણ દેખાયા છે. વળી, તેમનામાં દુન્યવી શિક્ષણનો અભાવ કે અલ્પતાને લીધે ઘણીવાર વિચિત્ર પરિસ્થિતિનો સામનો તેમને કે તેમની સાથે સંકળાયેલી વ્યકિતઓને જ કરવો પડે છે. આવું ન થાય તે માટે દુન્યવી તાલિમ પણ પૂરતા પ્રમાણમાં લેવી જ જોઈએ. જે વિધાર્થીઓ દીની તાલિમ પ્રાપ્ત કરે છે તેમણે પોતાના વિધાભ્યાસકાળ દરમ્યાન દુન્યવી તાલિમ પણ એક ચોકકસ માત્રામાં લેતા રહેવું જોઈએ. અને તેઓ જયારે દીની તાલિમના ઉસ્તાદ(શિક્ષક)ની ભૂમિકામાં આવે, ત્યારે પણ તેમણે દુન્યવી તાલિમ સાથે લગાવ અને નિસ્બત તો રાખવી જ જોઈએ. કારણ કે, જિંદગી છે ત્યાં સુધી દુનિયા છે અને જિંદગી રહે ત્યાં સુધી દુનિયાને પણ સાચવવાની છે. દુન્યવી તાલિમની કોઈ કાળે અવગણના કે ઉપેક્ષા ન કરી શકાય.

અલ્લાહનો ડર, આખિરતની ચિંતા અને ઈમાનની સાચવણીની ફિકર પ્રત્યેક મુસલમાનને હોય એ અત્યંત જરૂરી છે. પરંતુ એથી એ દુનિયા પ્રત્યે નફિકરો બની જાય, દુનિયામાં રહીને દુનિયા ત્યજી દે એ સરાસર અયોગ્ય છે. આવું વલણ આપણને બિલકુલ પોસાય તેમ નથી. એથી સંબંધિત મુસલમાનનું અને સરવાળે સમગ્ર મુસ્લિમ સમાજનું અહિત થાય છે. એજ પ્રમાણે જેઓ ઉચ્ચ દુન્યવી શિક્ષણ પ્રાપ્ત કરે છે તેઓ દીનથી દૂર ભાગે, મઝહબ પ્રત્યે બેપરવા અને ગાફેલ બની જાય, અલ્લાહનો ખૌફ અને મૃત્યુ પછીની કાયમી જિંદગીની ચિંતા હૃદય અને મસ્તિષ્કમાંથી નીકળી જાય તો પછી તેને માટે કશું બાકી રહેતું નથી. દીનને છોડીને દુનિયા પ્રાપ્ત કરવાના ઉધામામાં દુનિયા પણ હાથમાંથી છટકી જાય એવી સંભાવના વિશેષ રહેલી છે.

આથી સમયનો પોકાર એ જ છે કે દીન અને દુનિયા- બંને પ્રકારના શિક્ષણની સમતુલા જળવાવી જોઈએ. આજે દેશમાં અને દુનિયાભરમાં વિધાર્થીઓ ધ્વારા મુસ્લિમ સમાજ જે માર ખાય છે તેનું એક કારણ આ શૈક્ષણિક અસંતુલન પણ છે. દુન્યવી શિક્ષણ આપણને મઝહબે ઈસ્લામથી દૂર ન ધકેલી દે અને દીની શિક્ષણ જીવંત અને હકિકતની દુનિયાને ભૂલાવી ન દે એ બંને બાબતોનો ખ્યાલ રાખીને આપણા સમાજચિંતકોએ , સમાજના શિક્ષણકારોએ કોઈ એવી શિક્ષણપ્રથા , શિક્ષણનીતિ તૈયાર કરવી જોઈએ, એવી સામાજિક વયવસ્થા રચવી જોઈએ, કે જેમાં આવું સંતુલન હોય, સામંજસ્ય હોય, સમન્વય હોય. સમાજના સર્વાંગી વિકાસ માટે આવું સંતુલન અને સમન્વયકારી નીતિ અપનાવવી અનિવાર્ય લાગે છે. સમય પણ બાપોકાર એવું જ કહે છે. ▪

## • પડી જાઓ ત્યારે પડયા રહેવાના બદલે ફરી ચાલવાની કોશિશ કરો...

નિષ્ફળતા મળતાં જ કેટલાક માણસો જાણે મરી પરવાર્યા હોય એમ સાવ શબવત બની જાય છે. કેટલાક પોતાનું દુઃખ બીજા પાસે રડીને સહાનુભૂતિ મેળવવા પ્રયાસ કરે છે. કેટલાક પોતાના નસીબને, તો કેટલાક બીજાને દોષ દે છે. કેટલાક ચારે તરફ ઝાંવા મારવા માંડે છે, પરંતુ કેટલાક માણસો નિષ્ફળતાની પછાડનો ઘા વળતાં જ ઉઠીને બેસવાની અને સ્વસ્થ થવાની કોશિશ કરે છે. પોતે કેમ પડી ગયા હતા એ જાણવાની, સમજવાની કોશિશ કરે છે. ઉભા થઈને ફરી ચાલવાની તૈયારી કરે છે.

અને આવા માણસો જ જીવનમાં સફળતા પ્રાપ્ત કરે છે.

નિષ્ફળતા તો જીવનમાં કોઈ ને કોઈ વાર મળે જ છે પરંતુ એ નિષ્ફળતાથી દબાયા વિના, હતાશ થયા વિના હિંમતપૂર્વક જે લોકો સ્વસ્થતા પ્રાપ્ત કરે છે, ઉભા થઈને ફરી આગળ ચાલે છે એ લોકોને જ સફળતા વરે છે. એટલે જેમને સફળ થવાની ઈચ્છા હોય તેણે પોતાની નિષ્ફળતાનો સામનો કઈ રીતે કરવો જોઈએ તેનો આપણે વિચાર કરીએ.

■ **નિષ્ફળતાનો સ્વીકાર કરો**

નિષ્ફળતાનો સ્વીકાર કરવો એ ઉભા થવા માટેનું પ્રથમ પગથિયું છે. નિષ્ફળતાનો સ્વીકાર કરવો એનો અર્થ એ નથી કે નિષ્ફળતાને સ્વીકારી લેવી અને બેસી રહેવું.

પડી ગયેલો માણસ પોતે પડી ગયો છે એમ જાણે તો જ ઉભો થઈ શકે છે. પોતાના કાર્યક્ષેત્રમાં કોઈપણ કારણે નિષ્ફળતા મળે ત્યારે એ વાતનો સ્વીકાર કરવો જ જોઈએ. ધંધામાં ગયેલી ખોટ ચોકકસ પૂરી કરી શકાય છે કે મળેલી નિષ્ફળતાઓને સફળતામાં બદલી શકાય છે પરંતુ એનો સ્વીકાર કર્યા પછી જ એ દિશામાં પગલું ભરી શકાય છે. એટલે નિષ્ફળતા મળે કે માથે મુસીબત આવી પડે ત્યારે એનો સ્વીકાર કરવો એ એની સામે લડવા માટેની પ્રથમ જરૂરિયાત છે.

■ **આવેલી મુસીબતનું કદ માપી લો**

પોતાને મળેલી નિષ્ફળતા કેવડી છે કે આવી પડેલી મુસીબતનું કદ કેવડું છે એ જાણ્યા વિના તેનો સામનો કરવો એ મૂર્ખાઈ સાબિત થઈ શકે છે. કયારેક સામાન્ય તકલીફને મોટી માનીને માણસ ભડકી ઉઠે છે, તો ઘણા માણસો મોટી મુસીબતને નાનકડી માનીને એને નજરઅંદાજ કરે છે. આપણા મન અને શરીરની રચના એવી છે કે સામે રહેલી વસ્તુ કેવી અને કેવડી છે એ જાણી શકીએ તો જ એને ખસેડવા માટે કે એની સાથે બાથ ભીડવા માટે કેટલી શકિત વાપરવી પડશે તેનો અંદાજ આપણને આવી શકે છે.

■ **નિષ્ફળતા વિશે ખોટો અફસોસ કરવો નહીં.**

નિષ્ફળતા મળે ત્યારે માણસનો પ્રત્યાઘાત અફસોસનો હોય છે. માણસ જાણતો હોય છે કે અફસોસ કરવાથી કશું વળવાનું નથી, છતાં અફસોસ કરે છે. કોઈએ સાચું કહયું છે કે ઢોળાઈ ગયેલા દૂધ ઉપર અફસોસ કરવાથી કશું જ વળતું નથી. ઘણીવાર તો એવી હાયવોયમાં બાકી રહેલું દૂધ પણ ઢોળાઈ જાય છે કે બગડી જાય છે.

■ **પછડાટ મળે ત્યારે પડયા ન રહેશો.**

આ બાબતમાં એક સફળ વ્યકિતની નિષ્ફળતાની તારીખ આપું છું....

- ૧૮૩૧ ધંધામાં નિષ્ફળતા મળી
- ૧૮૩૨ વિધાનસભાની ચૂંટણીમાં હાર
- ૧૮૩૩ ધંધામાં ફરી નિષ્ફળતા
- ૧૮૩૫ વિધાનસભામાં જીત પણ પ્રેમિકાનું મૃત્યુ
- ૧૮૩૮ સ્પીકરની ચૂંટણીમાં હાર
- ૧૮૪૩ કોંગ્રેસની ચૂંટણીમાં હાર
- ૧૮૪૬ કોંગ્રેસની ચૂંટણીમાં ફરી હાર
- ૧૮૪૮ કોંગ્રેસની ચૂંટણીમાં ફરી હાર
- ૧૮૫૫ ઉપપ્રમુખની ચૂંટણીમાં હાર
- ૧૮૫૮ સેનેટની ચૂંટણીમાં ફરી હાર
- ૧૮૬૦ અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા

આ નિષ્ફળતાઓ છે ઈ.સ.૧૮૬૦માં અમેરિકાના પ્રમુખ બનનાર અબ્રાહમ લિંકનની. પોતાની નિષ્ફળતાઓની તેમણે પોતે બનાવેલી આ તવારીખ છે. આ ઉપરાંત બીજી કેટલી નાનીમોટી નિષ્ફળતાઓ તેમને મળી હશે એ આપણે જાણતા નથી.

એકવાર સેનેટની ચૂંટણીમાં જીતવાની તેમને ઘણી જ આશા હતી. પરિણામ સાંભળવા એઓ એ વખતની વ્યવસ્થા પ્રમાણે પોસ્ટઓફિસમાં ગયા હતા. પણ પરિણામ એમની વિરુધ્ધનું આવ્યું હતું. એક વધુ નિષ્ફળતાનો એમની જિંદગીમાં ઉમેરો થયો હતો. તે દિવસે વરસાદને કારણે રસ્તા ઉપર કાદવ જામ્યો હતો. ઘેર પાછા ફરતી વખતે લિંકનનો પગ લપસી ગયો. પણ એ વખતે જ એમના મનમાંથી કોઈ બોલ્યું, This is a slip- Not a fall- લપસી ગયો છું પણ પડી ગયો નથી.

આ પછી થોડા જ વખતમાં અમેરિકાના પ્રમુખ તરીકેની ચૂંટણીમાં તેમની જીત થઈ હતી.

એટલે જિંદગીનો રસ્તો જ એવો છે કે ચાલનાર કયારેક લપસી જાય, કયારેક પડી જાય, પરંતુ પડી જનાર જો પડયો જ રહે તો એનું ભાવિ નકકી થઈ જ જાય છે, પરંતુ જો એ ઉભો થાય અને ચાલવાની કોશિશ કરે તો કયારેક પણ પોતાની મંઝિલ સુધી પહોંચી શકે છે. ■

## • સ્ટેમિનાને મજબૂત બનાવતો ખોરાક લો...

પપૈયું: બાળકોને ફળો ખૂબ ભાવતા હોય છે. અને ફળો તેમના સ્વાસ્થ્ય માટે સારાં રહે છે. પપૈયાની વાત કરીએ તો પપૈયામાં વિટામીન એ, બી, સી, અને ઈ જેવાં ભરપૂર પ્રમાણમાં પોષકતત્વો રહેલાં છે. આ ઉપરાંત તેમાં ફોલિક એસિડનો પણ સારો સ્તોત હોય છે. તેમજ તેમાં સોડિયમ, આયર્ન, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને લાઈકોપિન જેવાં તત્વો પણ ભરપૂર માતરામાં હોય છે. આટલાં બધાં પોષકતત્વો હોવાને કારણે બાળકોને પપૈયું ખવડાવવું સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

(૧) બાળકોને પપૈયું ખવડાવવાથી તેમની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય છે.

(૨) બાળકોના પેટમાં કૃમિ હોવાની સમસ્યા વધારે જોવા મળે છે. પપૈયું ખવડાવવાથી આ સમસ્યાથી છૂટકારો મેળવી શકાય છે.

(૩) પપૈયામાં ભરપૂર માતરામાં ડાયટરી ફોલેટ હોય છે જે બાળકોના વિકાસમાં મદદ કરે છે. ફોલેટ મેટાબોલિઝમને ઠીક કરવામાં તેમજ મગજના વિકાસમાં પણ અસરકારક છે.

(૪) આ ઉપરાંત પપૈયામાં વિટામીન એ પણ હોય છે જે બાળકોના વિકાસ માટે જરૂરી પોષકતત્વો પૂરાં પાડે છે. વિટામીન એ મોટાભાગે બાળકના જન્મ પછી શરૂઆતનાં વર્ષોમાં આંખોને તેજ બનાવવા માટે જરૂરી હોય છે.

એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે બાળકોને કોઈપણ વસ્તુની ધીરેધીરે શરૂઆત કરવી. કોઈપણ ફળ બળકોને પચવામાં હલકું રહે છે કે કેમ તે વાતનું ખાસ ધ્યાન રાખી પછી જ તેમને ફળો ખવડાવવામાં જોઈએ. શરૂઆતમાં બાળકોને ફળો થોડા પ્રમાણમાં આપવાં જોઈએ અને ત્યારબાદ ધીરેધીરે તેની માતરામાં વધારો કરવો. તેમજ બાળકોને પપૈયું ક્યારેય પણ અધકચરું કાચું ન આપવું નહી તો બાળકોને પેટમાં દુ:ખાવાની સમસ્યા થઈ શકે છે.

કેળાં : દરેક ફળમાં ફાઈબર અને નેચરલ સુગર હોય છે. તેથી કોઈપણ ફળ ખાવાથી તરત જ શરીરમાં ઉર્જાનો સંચાર થાય છે. કેળાંની વાત કરીએ તો તેમાં થાઈમિન, રિબોફ્લેવિન, નિયાસિન અને ફોલિક એસિડના રૂપમાં વિટામિન ઈ અને બી સારી એવી માત્રામાં હાજર હોય છે. આ સિવાય કેળાંને ઉર્જાનો સૌથી સારો સ્ત્રોત માનવામાં આવે છે તેથી સવારના નાસ્તામાં રોજ એક કેળું ખાવાની સલાહ આપવામાં આવે છે. રોજ સવારે દૂધ સાથે એક કે બે કેળાં ખાવાથી લંચ સમય સુધી ભૂખ નથી લાગતી. તેમજ તેમાં રહેલા તમામ ગુણ શરીરને ઉર્જા આપવાનું કામ કરે છે.

બદામ : બદામમાં વિટામિન ઈ, ઓમેગા ૩ ફેટી એસિડ, ફાઈબર અને પ્રોટીન જેવાં પોષકતત્વો ભરપૂર માત્રામાં સમાયેલાં હોય છે. જે શરીરનો સ્ટેમિના વધારવામાં ખૂબ મદદરૂપ થાય છે. આમ પણ બદામને સૂકામેવાનો રાજા કહેવામાં આવે છે. તેમાં મેંગેનીઝ અને પોટેશિયમ પણ સારી એવી માત્રામાં હોય છે જે હાડકાં મજબૂત બનાવવાનું કામ કરે છે. મેંગેનીઝ અને પોટેશિયમ બ્લડ સુગરને કંટ્રોલમાં રાખવાનું કામ પણ કરે છે.

## SOME LESSONS FOR ALL FROM THE SPREAD OF CORONA VIRUS- COVID 19

ISMAIL AHMED LAMBAT (MANCHESTER)

Since last Ramadhan we Muslims like everyone else have suffered from many man-made and natural disasters. Some suffered from wars, some from inter-racial troubles,some from droughts, some from heavy and many from unseasonal rains as well as from swarms of locusts and now we have the Corona Virus -Covid-19 which is moving or has already moved across the globe with tragic consequences for many.The epidemic has brought with it many challenges for governments of all countries, for the medical profession, for health care providers and for all humans living on this earth. For us Muslims the epidemic,we feel has come as an eye opener. We Muslims must sincerely believe that all these adverse happenings have come our way to teach us many good and very meaningful lessons and make us turn to our CREATOR for help. We hope our experiences and our sufferings and sufferings of our brothers and sisters will help us Muslims to become better practising Muslims and all others of other faiths to move closer to their faiths. We hope our sufferings as Muslims will make us think about our weaknesses as Muslims and help us turn towards the ALMIGHTY ALLAH and repent and ask the ALMIGHTY ALLAH to help all Muslims and everyone else to overcome the sufferings and anguish which have become part of our everyday lives.

All the adverse happenings have certainly made many of our Muslim brothers and sisters as well as others poor and more will join them in days, weeks and months to come.From what we know many of our brothers and sisters lost their family members and in many cases the bread winners of their families. Others lost their businesses or jobs, and many became homeless, many contracted illnesses and many became physically and mentally weak from the stresses and sufferings theywere forced to endure.

Covid-19 besides bringing along the sufferings and mental anguish for everyonealso brought along the need forsocial isolation and the need for keeping our distance from others to help contain the spread of the virus. The need for social isolation and the need for keeping our distance from others also helped bring about the closures of all education providing institutions, offices, factories, shops and all places of worship. In brief, the virus helped bring to a sudden end our everyday activities, our pursuit of education, our employments and worshiping and our incomes as it paralysed nearly all aspects of our normal everyday lives.

